વર્ષ ૨૦૧૫-૧૬ આયોજન વર્ષની નવી બાબત અન્વયે
પ્રાથમિક શાળાઓમાં પ્રજ્ઞા વર્ગ બાબત (એસએસએ)

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઈ ૧૪૨૦૧૪-૩૩૭૬/ક
સચિવાલય ગાંધીનગર,
તા.૧૬/૦૪/૨૦૧૪

વંચાણે લીધા

(૧) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ ના તા.૯/૧૨/૨૦૧૪ ના પત્ર ક્રમાંકઃપ્રાશિનિ/ચ.૧/ બજેટ/ એસએસએ/૧૪-૧૫/૪૩૦૭-૧૦

(૨) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન ગાંધીનગરના તારીખઃ૧૨/૩/૨૦૧૫ નો પત્ર ક્રમાંકઃએસએસએ/હસબ/વહીવટીમંજરી/૨૦૧૫-૧૬/૮૨૦૮-૮૨૧૦

ઠરાવ

રાજયમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં પ્રજ્ઞા વર્ગ સજ્જતા માટે બાળકોના લેખન કૌશલ્યના વિકાસ માટેના હેતુથી આ સેવાઓ પુરી પાડવા સૈધાંતિક નિર્ણય લેવાયા મુજબ આ અંગે વર્ષ-૨૦૧૫-૧૬ ના વર્ષમાં રૂા.૨૨૪૦.૦૦/- લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

૨. આ જોગવાઈને વહીવટી મંજુરી આપવા સંદર્ભ (૨) ના સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન ગાંધીનગરના પત્રથી કરેલ દરખાસ્ત અન્વયે પુખ્ત વિચારણાને અંતે રાજયમાં બિન આદિજાતિ વિસ્તાર માટે રૂા.૧૬૮૭.૬૨ લાખ, આદિજાતી વિસ્તાર માટે રૂા.૩૯૩.૫૮ લાખ તથા ખાસ અંગભુત વિસ્તાર માટે રૂા.૧૫૮.૮૦ લાખ મળીને કુલ રૂા.૨૨૪૦.૦૦ કરોડની નવી બાબતને નીચે દર્શાવ્યા મુજબની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

શ ર તો

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રિય જોગવાઇને આધિન અને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતીથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદ નિતીની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ કામના ટેન્ડર /પ્રોસેસીગંમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/છ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું

રહેશે. શેતરંજીની અંદાજીત કિંમત રૂા. ૩૫૦૦ અંદાજ કરવામાં આવેલ છે. શેતરંજી સારી ગુણવત્તવાળી, ખરીદવાની રહેશે.

(૯) પ્રર્વતમાન યોજનાના નોર્મ્સ અને રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવીલેવાના રહેશે.

(૧૦) આઇ.ટી. સંબંધીત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ ખર્ચ તા.૧/૪/૨૦૧૫ થી કરવાનો રહેશે.

૩. આ અંગેનો ખર્ચ માંગણી નં. ૯-મુખ્ય સદર-૨૨૦૨-૦૧-૧૦૬-૧૦ માંગણી નં. ૯૬ આદિજાતી વિસ્તાર માટે ૨૨૦૨-૦૧-૭૯૬-૩૭ અને માંગણી નં.૯૫ ખાસ અંગભુત વિસ્તાર માટે ૨૨૦૨-૧-૮૦૦-૦૨ હેઠળ મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨/૪/૨૦૧૫ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પી એમ બ્રહ્મભટ્ટ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અનધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

(ઉપરના ચાર માટે:) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા